**INDIA NON JUDICIAL**

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| RKT | 5 | MAV |
|---|---|---|
| 3414 | 1 | 17 |
| 2019 | | |

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ15247490321968R |
| Certificate Issued Date | : | 23-Jul-2019 02:49 PM |
| Account Reference | : | SHCIL (FI)/ gjshcil01/ SADAR BAZAR/ GJ-RA |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJSHCIL01744449439012 90R |
| Purchased by | : | DHAVAL V CHOVATIYA ADV |
| Description of Document | : | Article 44 Partnership |
| Description | : | NANAMAVA SRNO.92,TPS.NO.5,FP.217,SUB PLOTNO.40TO44/1 AND SUBPLOT NO.40TO44/2 TOTAL LAND SQ.MTR463-50 |
| Consideration Price (Rs.) | : | 57,93,750 (Fifty Seven Lakh Ninety Three Thousand Seven Hundred And Fifty only) |
| First Party | : | TIRTH BUILDCON PARTNERSHIP FIRM |
| Second Party | : | TIRTH BUILDCON PARTNERSHIP FIRM |
| Stamp Duty Paid By | : | TIRTH BUILDCON PARTNERSHIP FIRM |
| Stamp Duty Amount(Rs.) | : | 2,84,000 (Two Lakh Eighty Four Thousand only) |

SADAR BAZAR S.H.C.I.L.

23 JUL 2019

TQ 0004362414

VOID VOID VOID VOID VOID VOID

Statutory Alert:

1. The authenticity of this Stamp Certificate should be verified at "www.shcilestamp.com". Any discrepancy in the details on this Certificate and as available on the website renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

23 JUL 2019



RKT-5 MAV
3414-2/17
2019

A.H. Jadeja

## ભાગીદારીમાં ફેરફારનો દસ્તાવેજ

## "તીર્થ બિલ્ડકોન"

આ ભાગીદારીમાં ફેરફારનો દસ્તાવેજ આજરોજ રાજકોટ મુકામે અમો નીચે સહી કરનારાઓ વચ્ચે બનાવવામાં આવે છે.

<u>હાલના ચાલુ ભાગીદાર</u>

**(૧) શ્રી અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા**
ધર્મે હિન્દુ,ઉ.વ.પુખ્ત,ધંધોઃ વેપાર,
રહે.૮૧,કેવલમ રેસીડેન્સી,પુષ્કરધામ મેઈન રોડ,રાજકોટ

**(૨) શ્રી સત્યજીતસિંહ જયદિપસિંહ જાડેજા**
ધર્મે હિન્દુ,ઉ.વ.પુખ્ત,ધંધોઃ વેપાર,
રહે.૮૨,કેવલમ રેસીડેન્સી,પુષ્કરધામ મેઈન રોડ,રાજકોટ

<u>તે પક્ષકાર નં. ૧</u>

<u>નવા ઉમેરાતા ભાગીદાર</u>

**(૧)શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા**
ધર્મે હિન્દુ,ઉ.વ.પુખ્ત,ધંધોઃ-વેપાર
રહે.૮૧,કેવલમ રેસીડેન્સી,પુષ્કરધામ મેઈન રોડ,રાજકોટ

**(૨)શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા**
ધર્મે હિન્દુ,ઉ.વ.પુખ્ત,ધંધોઃ-વેપાર
રહે.૮૨,કેવલમ રેસીડેન્સી,પુષ્કરધામ મેઈન રોડ,રાજકોટ

**(૩)શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા(એચ.યુ.એફ)**
**ના કર્તા શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા**
ધર્મે હિન્દુ,ઉ.વ.પુખ્ત,ધંધોઃ-વેપાર
રહે.૮૧,કેવલમ રેસીડેન્સી,પુષ્કરધામ મેઈન રોડ,રાજકોટ

**(૪)શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા(એચ.યુ.એફ)**
**ના કર્તા શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા**
ધર્મે હિન્દુ,ઉ.વ.પુખ્ત,ધંધોઃ-વેપાર
રહે.૮૨,કેવલમ રેસીડેન્સી,પુષ્કરધામ મેઈન રોડ,રાજકોટ.

<u>તેપક્ષકાર નં. ૨</u>

..૨..

23 JUL 2019

અમો ઉપર જણાવેલ પક્ષકાર નં. ૧ ના એ રાજકોટમાં **''તીર્થ બિલ્ડકોન''** ના નામથી ભાગીદારી પેઢીમાં ભાગીદારો તરીકે તા.૧૧–૦૪–૨૦૧૯ ના રોજથી જોડાયેલા હતા તે ભાગીદારી દસ્તાવેજ રૂ.૧૦૦૦/– ના સ્ટેમ્પ પેપર જેના અનુક્રમ નંબર ૫૫૧ (૧) ઉપર ભાગીદારી દસ્તાવેજ કરેલ ત્યારબાદ તા.૧૨/૦૬/૨૦૧૯ ના રોજ રૂ.૧૦૦૦૦ ના ઈસ્ટેમ્પીંગ ઉપર સબ–રજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નં.૨૭૦૦,તા.૧૨/૦૬/૨૦૧૯ના રોજ ભાગીદારી દસ્તાવેજની નોંધણી કરાવેલ.

આમ ઉપરોક્ત ભાગીદારી પેઢીનો વહીવટ તા.૧૧–૪–૨૦૧૯ના રોજથી શરૂ કરેલ છે.ત્યારબાદ સદરહું ભાગીદારી પેઢીમાં ધંધાનો વિકાસ કરવા માટે પક્ષકાર નં.૨ ને દાખલ કરવામાં આવે છે.સદરહું ભાગીદારી પેઢીમાં અને તેમાં બન્ને પક્ષની રાજીખુશી અને સંમતિ હોવાથી આ ભાગીદારીમા ફેરફાર થયા અંગેનો દસ્તાવેજ આપણા માંહેના પક્ષકાર નં. ૧ ચાલુ રહેતાં ભાગીદાર તથા પક્ષકાર નં.૨ નવા જોડાતા ભાગીદાર વચ્ચે થાય છે.

સદરહુ ભાગીદારી પેઢીના પક્ષકાર નં. ૧ તથા પક્ષકાર નં. ૨ ના ભાગીદારોએ તા.૦૧/૦૭/૨૦૧૯ થી સદરહું ધંધો સંભાળી લીધેલ છે.પક્ષકાર નં.૧ તથા પક્ષકાર નં.૨ એ તા.૩૦–૬–૨૦૧૯ સુધીના હિસાબ જોઈ તપાસી લીધેલ છે એટલે કે બન્ને પક્ષકારો વચ્ચે સંપૂર્ણ માન્ય છે.આમ સદરહુ ભાગીદારી પેઢીના પક્ષકાર નં.૧ અને પક્ષકાર નં.૨ ના વચ્ચે નક્કી કરવામાં આવેલ શરતો નીચે મુજબ છે.

THE SUB-REGISTRAR OF ... RAJKOT

<u>–:: શ ર તો ::–</u>

(૧) <u>પેઢીનુ નામઃ–</u>

આ ભાગીદારી પેઢીનુ નામ **'તીર્થ બિલ્ડકોન'** ચાલુ રહેશે.પરંતુ જરૂર પ્રમાણે ભાગીદારોની પરસપર સમજુતીથી સંમતી દ્વારા પેઢીના નામમાં ફેરફાર કરી શકાશે.

(૨) <u>ધંધાનુ સ્થળઃ–</u>

આ ભાગીદારી પેઢીના ધંધાનુ મુખ્ય સ્થળ **ગોલ રેસીડેન્સી,શોપ નં. એ–૪,સ્કેવર કન્સ્ટ્રકશન,રાજકોટ** રહેશે અને ભાગીદારોની પરસપરની સમજુતી થી સ્થળમાં ફેરફાર કરી શકાશે કે શાખા કે શાખાઓ ખોલી શકાશે.

(૩) <u>વેપાર ધંધોઃ–</u>

A.H. Jadeja

..૩.

2 3 JUL 2019

સદરહું ભાગીદારી પેઢીનો હાલનો ધંધો જમીન,મકાન ખરીદી અને બાંધકામ અંગેનો તથા તેના વેચાણ માટેનો છે.જેમાં જમીન ખરીદવી,તેને ડેવલપ કરવી,પ્લોટ પાડવા, તેનુ વેચાણ કરવુ તેમજ જમીન ખરીદવી, તેના પર બાંધકામ જેવુ કે બંગલા,ફલેટસ, શોપીંગ સેન્ટર વિગેરે બાંધવા તથા આવા બાંધકામનુ વેચાણ કરવુ તેમજ તૈયાર મકાન બાંધવા,ખરીદવા તેમાં જરૂરી ફેરફાર કરવા કે પાડી ને નવેસરથી બાંધવા અને તેના વેચાણ કરવા તથા સરકારી,અર્ધ સરકારી કે બિન સરકારી,મ્યુનીસીપલ,નગર પંચાયત,ગ્રામ પંચાયત વિગેરેના બાંધકામ અંગેના કોન્ટ્રાકટ રાખવા તથા ચણતર કામ કે મજુરી કામનો કોન્ટ્રાકટ રાખવાનો સમાવેશ થાય છે.વિશેષમાં ભાગીદારો પરસ્પરની સમજુતીથી નકિક કરે તેવો અન્ય કાયદેસર નો ધંધો કરી શકશે.

(૪) <u>મુડીરોકાણ:-</u>

આ ભાગીદારી પેઢીમાં મુડીની જરૂરીયાત મુજબ ભાગીદારો પરસ્પર ની સમજુતીથી મૂડી ધંધામાં લાવશે તેમજ અરસપરસની સમજુતી મુજબ પેઢી ની સમગ્ર આર્થીક પરીસ્થિતી ધ્યાનમાં લઈને અન્ય મૂડી રોકાણ કરવાનુ છે.પેઢી માટે વધુ નાણાકીય વ્યવસ્થા કરવાની જરૂરીયાત પડે તો ભાગીદારો અરસ પરસની સમજુતીથી પેઢીને લોન કે ડીપોઝીટ તરીકે રકમ આપી શકશે અથવા પેઢી બહારથી નાણાકીય વ્યવસ્થા જરૂરીયાત મુજબ કરી શકશે.

આ ભાગીદારી પેઢીમાં બધા ભાગીદારોની સહમતીથી પેઢીમાં રેસીડેન્સીયલ કોમ્પલેક્ષ (ફલેટસ) બનાવવાનુ નકિક કરતા તે માટેની જમીન(પ્લાન પાસ સહિત) નવા આવનાર ભાગીદાર શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા તથા શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજાની વડીલોપાર્જીત સંયુકત માલીકીની નીચે મુજબના પરીશીષ્ટ ૧ ની જમીન કે જેઓ કાયદેસર રીતે ધારણ કરે છે અને તે જમીન ઉપર ર લો-રાઈઝ બિલ્ડીગ બાંધવા ર.ચી.નં.૧૧૫૦,તા.૧૨/૦૩/૨૦૧૯ તથા ર.ચી.નં.૧૧૫૧,તા. ૧૨/૦૩/૨૦૧૯ થી બે અલગ-અલગ લો-રાઈઝ બિલ્ડીગ બાંધવાનો પ્લાન મંજુર કરાવેલ છે.તેને ભાગીદારી પેઢીમાં મૂડી તરીકે લાવવાનુ નકિક કરતા નીચે મુજબના પરીશીષ્ટ-૧ ની જમીન રૂા.૫૭,૯૩,૭૫૦/-(સતાવન લાખ ત્રાણુ હજાર સાતસો પચાસ પુરા)માં મૂડી તરીકે લાવે છે.જે સર્વ ભાગીદારોને કબુલ

A. H. Jadeja S. J. Jadeja

..૪.

13 JUL 2019

મંજુર છે તથા તે નવા ભાગીદારો ક્રમ નં.૩,૪ની મૂડી તરીકે પેઢીમાં જમા કરવામાં આવશે અને હવે પછીથી પરીશીષ્ટ-૧ વાળી જમીનની સંપૂર્ણ માલીકી તથા તેના ઉપર બાંધકામ કરવાનો સંપૂર્ણ હકક,હિસ્સો ભાગીદારી પેઢીનો રહેશે અને ભાગીદાર કે તેના વંશ,વાલી, વારસનો હકક,હિસ્સો રહેશે નહિ.

પરીશીષ્ટ-૧

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ નાનામવા(હાલ રાજકોટ શહેરમાં સમાવિષ્ટ)ના રેવન્યુ સર્વે નં.૯૨ પૈકી,ટી.પી. સ્કીમ નં.૫(નાનામવા),એફ.પી.નં.૨૧૭ પૈકીની બિનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૦ થી ૪૪ના સબ-પ્લોટ નં.૪૦ થી ૪૪/૧ ની જમીન ચો.મી.આ.૨૩૧-૭૫ થાય છે.(બાંધકામ પ્લાન પાસ સહિત)

જેની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

ઉતરે :-સબ-પ્લોટ નં.૪૦ થી ૪૪/૨ આવેલ છે.તે તરફ માપ મીટર ૧૮-૫૪ છે.

દક્ષિણે :-લાગુ પ્લોટ નં.૩૯ આવેલ છે.તે તરફ માપ મીટર ૧૮-૫૪ છે.

પૂર્વે :-૭.૫૦ મીટરનો રસ્તો આવેલ છે.તે તરફ માપ મીટર ૧૨-૫૦ છે.

પશ્ચિમે :-લાગુ પ્લોટ નં.૬૯ થી ૭૩ આવેલ છે.તે તરફ માપ મીટર ૧૨-૫૦ છે.

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ નાનામવા(હાલ રાજકોટ શહેરમાં સમાવિષ્ટ)ના રેવન્યુ સર્વે નં.૯૨ પૈકી,ટી.પી. સ્કીમ નં.૫(નાનામવા),એફ.પી.નં.૨૧૭ પૈકીની બિનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૦ થી ૪૪ના સબ-પ્લોટ નં.૪૦ થી ૪૪/૨ ની જમીન ચો.મી.આ.૨૩૧-૭૫ થાય છે. (બાંધકામ પ્લાન પાસ સહિત)

A. H. Jadeja

..૫.

23 JUL 2019

જેની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

ઉતરે :–લાગુ પ્લોટ નં.૪૫ આવેલ છે.તે તરફ માપ મીટર ૧૮–૫૪ છે.

દક્ષિણે :–સબ–પ્લોટ નં.૪૦ થી ૪૪/૧ આવેલ છે.તે તરફ માપ મીટર ૧૮–૫૪ છે.

પૂર્વે :–૭.૫૦ મીટરનો રસ્તો આવેલ છે.તે તરફ માપ મીટર ૧૨–૫૦ છે.

પશ્ચિમે :–લાગુ પ્લોટ નં.૬૯ થી ૭૩ આવેલ છે.તે તરફ માપ મીટર ૧૨–૫૦ છે.

(૫) ભાગીદારોની રોકાતી રકમ પર વ્યાજ:–

આ ભાગીદારી પેઢીમાં ભાગીદારોની રોકાતી રકમ જેવી કે મુડી,લોન,ડીપોઝીટ વિગેરે ઉપર નફા–નુકશાન ખાતે પેઢીએ ૧૨%ના દરે અથવા ઈન્કમટેક્ષની કલમ૪૦(બી)ની જોગવાઈ અનુસાર અથવા વખતોવખતની જોગવાઈ અનુસાર વાર્ષીક સાદુ વ્યાજ આપવાનુ રહેશે.તે રીતે ભાગીદારો પાસેથી લેણી થતી રકમ ઉપર વ્યાજ મેળવવાનુ રહેશે.

(૬) વર્કીંગ પાર્ટનર:–

આપણી ભાગીદારી પેઢીના ભાગીદાર અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા તથા સત્યજીતસિંહ જયદિપસિંહ જાડેજા તથા જયદીપસિંહ પ્રવિણસિંહ જાડેજા દ્વારા ધંધાના કામકાજ,વહીવટ તથા વ્યવહારમાં અરસપરસની સમજુતી મુજબ સોંપવામાં આવેલ કામગીરી માટે સમય ફાળવી સક્રિય ભાગ લેવાનો છે એટલે કે તેઓને વર્કીંગ પાર્ટનર ગણવાના છે.

(૭) વર્કીંગ પાર્ટનરને પગાર,બોનસ,કમીશન વિગેરે પેટે મહેનતાણુ :–

આ ભાગીદારી પેઢી ના નફા–નુકશાની ખાત મુજબ જે નફો આવે તે નફા ઉપર ૧૯૬૧ ના આવકવેરા કાયદાની કલમ ૪૦(બી) માં આપેલી વ્યાખ્યા મુજબ બુક પ્રોફીટ નકિક કરવાનો છે અથવા જે તે વર્ષ માટે આવકવેરા કાયદાની બુક પ્રોફીટની જે વ્યાખ્યા હોય તે મુજબ તે વર્ષનો બુક પ્રોફીટ નકિક કરવાનો છે.ઉપર મુજબ ગણત્રી કરતા જે બુક પ્રોફીટ આવે તે નીચે ઉપરોકત વર્કીંગ પાર્ટનરને તેઓએ પેઢી માટે વર્ષ દરમ્યાન આપેલી સેવા બદલ નીચે મુજબનુ મહેનતાણુ,પગાર,બોનસ વિગેરે ચુકવવાનુ છે. વર્કીંગ પાર્ટનરને ચુકવવા પાત્ર થતી મહેનતાણાની રકમ હિસાબી વર્ષના અંતે તેઓના મુડી ખાતામાં જમા કરવાની રહેશે.

A.H. Jadeja

SJJadeja

- ? 2019

(૧)પેઢીના ચોપડે નફો રૂા. ૩,૦૦,૦૦૦/– થી વધે નહી તો તેવા નફાની ૯૦% રકમ અથવા રૂા.૧,૫૦,૦૦૦/– બે માંથી જે વધારે હોય તેટલી રકમ વર્કીંગ પાર્ટનરને પગાર કે મહેનતાણા તરીકે આપી શકાશે જો આવો નફો ૩,૦૦,૦૦૦/– કરતા વધે તો પ્રથમ રૂા.૩,૦૦,૦૦૦/–સુધીના નફાના ઉપર દર્શાવેલ ટકાવારી ૯૦% અને બાકીના બુક પ્રોફિટ ઉપરના ૬૦% રકમ વર્કીંગ પાર્ટનરને પગાર કે મહેનતાણા તરીકે આપી શકાશે.સદરહું ગણતરી દરેક વર્ષે આવકવેરાની કલમ કાયદાની કલમ ૪૦(બી)ની જોગવાઈને અનુલક્ષીને ગણતરી કરતા કુલ ચુકવવા પાત્ર મહેનતાણાની રકમ વર્કીંગ પાર્ટનરને નીચે મુજબ હિસ્સામાં વહેંચવામાં આવશે.

| બુક–પ્રોફીટના | ટકાવારી |
|---|---|
| (૧) શ્રી અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા | ૫૦% |
| (૨) શ્રી સત્યજીતસિંહ જયદિપસિંહ જાડેજા | ૨૫% |
| (૩) શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા | ૨૫% |
| કુલ | ૧૦૦% |

(૮) **ભાગીદારોના મહેનતાણા તથા વ્યાજની શરતોમાં ફેરફાર:–**

ભાગીદારો સર્વસંમતીથી ભાગીદારને વ્યાજ તથા મહેનતાંણુ ચુકવવાની શરતોમાં ફેરફાર કરી શકશે તેમજ બીજા કોઈ ભાગીદારને વર્કીંગ પાર્ટનર તરીકે મહેનતાણું ચકવી શકશે.આ અંગેનો ફેરફાર સર્વસંમતીથી પસાર કરેલ ઠરાવથી કરી શકશે અને તે દસ્તાવેજનો ભાગ ગણાશે.

(૯) **નફા–નુકશાનમાં હકક–હિસ્સો:–**

આ ભાગીદારી પેઢીના ચોપડામાં ભાગીદારોને આપવા પાત્ર વ્યાજ તથા મહેનતાંણુ નફા–નુકશાન ખાતે માંડતા જે ચોખ્ખો નફો કે નુકશાન રહે તેમાં દરેક ભાગીદારોનો હીસ્સો નીચે મુજબ રહેશે.

| ક્રમ | નામ | નફો–નુકશાન |
|---|---|---|
| (૧) | શ્રી અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા | ૩૫% |
| (૨) | શ્રી સત્યજીતસિંહ જયદિપસિંહ જાડેજા | ૩૫% |
| (૩) | શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા | ૧૦% |
| (૪) | શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા | ૧૦% |

A.H. Jadeja

23 JUL 2019

..૭.

(૫)શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા(એચ.યુ.એફ) ૫ %
(૬)શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા(એચ.યુ.એફ) ૫ %

કુલ ૧૦૦%

(૧૦) હિસાબો:-

આ ભાગીદારી પેઢીના હિસાબો વેપારી રીત-રસમ મુજબ આવા પ્રકારના ધંધા માટે સામાન્ય રીતે રાખવામાં આવે છે તે રીતે રાખવામાં આવશે.પેઢીના હિસાબી ચોપડાઓ,રજીસ્ટરો વિગેરે પેઢીના વહીવટનુ તમામ સાહીત્ય પેઢીની મુખ્ય ઓફિસે રાખવામાં આવશે.કોઈપણ ભાગીદાર તે યોગ્ય સમયે જોઈ તપાસી શકશે કે તેમાંથી જરૂરી ઉતારા કે ટાંચણ કરી શકશે.દર વર્ષે હિસાબો પુરા કરી નફા-નુકશાન ના હવાલાઓ ભાગીદારોના ખાતામાં નાંખી દેવામાં આવશે.જેમાં ભૂલચુક કે ઈચ્છાપૂર્વકની છુપામણી કે તેવા જ પ્રકારના બીજા કારણો સિવાય ભાગીદારોને બંધનકર્તા રહેશે.

(૧૧) હિસાબી વર્ષ:-

આ ભાગીદારી પેઢીની શરૂઆત તા.૦૧/૦૭/૨૦૧૯ થી થયેલ ગણવાની છે. તદઉપરાંત આ ભાગીદારી પેઢીનુ પ્રથમ હિસાબી નાણાકીય વર્ષ તા.૦૧/૦૭/૨૦૧૯ થી ૩૧/૦૩/૨૦૨૦ નુ રહેશે અને ત્યારબાદ દર માર્ચ મહિને નાંણાકીય વર્ષ પુરૂ થયુ ગણાશે જેના હિસાબો પુરા કરી નફા-નુકશાનના હવાલાઓ ભાગીદારી ખાતામાં નાખી સરવૈયુ તૈયાર કરવામાં આવશે.

(૧૨) મુદત:-

આ ભાગીદારી પેઢીની મુદત મુકરર કરવામાં આવતી નથી એટલે કે ભાગીદારોની ખુશી હશે ત્યાં સુધી પેઢી ચાલુ રાખી શકશે અર્થ કે "At Will" છે.

(૧૩) વહીવટી સતા:-

આથી અમો ઉપરોકત તીર્થ બિલ્ડકોનના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો પૈકી અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા તથા જયદિપસિંહ

A.H.Jadeja

S.J.Jadeja

...૮.

- 0 JUL 2019

પ્રવિણસિંહ જાડેજા બે માંથી કોઈપણ એકને અમારા વતી હાજર રહી નીચે મુજબના કામકાજ કરવા માટે સહિ કરવા સતા અને અધિકાર આપીએ છીએ.

અમારા ભાગીદારો અમારા વ્યકિતગત કે શ્રેષ્ઠ હીતમાં યોગ્ય લાગે તે પ્રમાણે અમારા માટે કે અમારા વતી કે અમારી પેઢીના નામથી બંગલા/ટેનામેન્ટ/એપાર્ટમેન્ટ/દુકાન/ઓફિસ/ફલેટસ/પ્લોટ વિગેરે ખરીદ/વેચાણ કરવા, બાંધકામ કરવા,રજીસ્ટર્ડ કે અનરજીસ્ટર્ડ સાટાખત કરવા તથા રજી.વેચાણ દસ્તાવેજ કરવા,ચુકસુધારા દસ્તાવેજ કરવા,રેરા રજીસ્ટ્રેશન અંગેની કાર્યવાહી કરવા,મોર્ગેજ કરવા,મિલકત ભાડે આપવા, વકીલ રોકવા, વકીલાત નામા સહિ કરવા વિગેરે ટુંકમા ભાગીદારી પેઢી ની મિલકતને લગતા તમામ કાર્યો કરવા આથી સર્વે સતા અને અધિકારો આપવામાં આવે છે.

અમારી પેઢી વતી કોઈપણ કોર્ટ/કચેરી જેવી કે મામલતદાર કચેરી ,કલેકટર કચેરી,સીવીલ કોર્ટ,ફોજદારી કોર્ટ/હાઈકોર્ટ,મ્યુનિસીપલ કોર્પોરેશન ,ઈન્કમટેક્ષ વિગેરે લાગુ તમામ સરકારી કે અર્ધસરકારી ઓફિસમાં ભાગીદારી પેઢી વતી કામ કરી શકશે.

(૧૪) ભાગબદલી:–

આ ભાગીદારી પેઢીમાના કોઈપણ ભાગીદાર પેઢીમાંના પોતાના હકક–હિસ્સા પર કરજ કે બોજો કરી શકશે નહિ કે હિસ્સાને ગીરો મુકી શકશે નહિ.કોઈપણ ભાગીદાર બીજા ભાગીદારોની લેખીત સંમતી વિના પોતાનો હિસ્સો બીજાના નામ પર ટ્રાન્સફર કે એસાઈન કરી શકશે નહિ યા બક્ષિસ કે વેચાણ આપી શકશે નહિ.

(૧૫) છુટા થવા વિશે:–

આ ભાગીદારી પેઢીમાંથી કોઈપણ ભાગીદાર ત્રણ માસની લેખીત નોટીસ આપી છુટા થઈ શકશે.

(૧૬) રજા–કજા:–

આ ભાગીદારી પેઢીના કોઈપણ ભાગીદારની રજા–કજાએ ભાગીદારી પેઢી

A.H. Jadeja

..૯.

SJJadeja

3 JUL 2019

બંધ પડશે નહિ પરંતુ તેવા ભાગીદારના વારસદાર કે વારસદારોને લઈ બાકી રહેતા ભાગીદારો સંમતીથી પેઢી ચાલુ રાખી શકશે.

(૧૭) ઉપાડ:–

આ ભાગીદારી પેઢીમાંથી અંગત ઘરખર્ચ માટેનો ઉપાડ પેઢીની આર્થીક સ્થિતી ખ્યાલમાં રાખી ભાગીદારોએ અરસપરસની સમંતીથી કરવાનો છે.આવી રીતે ઉપાડ કરવામાં આવતી રકમ ભાગીદારોના અંગત ખાતે ઉધારવામાં આવશે તેવી જ રીતે વર્કીંગ પાર્ટનર પોતાના મહેનતાણું કે વ્યાજ પેટે જરૂરીયાત મુજબ બધા ભાગીદારોની સંમતીથી માસીક ઉપાડ ઘરખર્ચ માટે કરી શકશે.

(૧૮) બેંકમાં ખાતુ:–

આ ભાગીદારી પેઢીના નામથી બેંકમાં ખાતુ ખોલવામાં આવશે અને તે ખાતુ આ પેઢીના ભાગીદાર અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા તથા જયદીપસિંહ પ્રવિણસિંહ જાડેજા બંને માંથી કોઈપણ એકની સહિથી ઓપરેટ કરી શકશે.

(૧૯) જવાબદારી:–

આ ભાગીદારી પેઢી માટે કરજ,લોન બધા ભાગીદારોની સહિથી કરવામાં આવશે.આ સિવાય કરવામાં આવેલ કરજ કે લેવામાં આવેલ લોન માટે પેઢી કે જે તે ભાગીદાર સિવાય બીજા ભાગીદારો જવાબદાર નથી.

(૨૦) લવાદ:–

આ ભાગીદારી પેઢી ચાલુ હોય ત્યારે પેઢીના વહીવટ,સંચાલન કે વ્યવહાર અંગેના આપણા ભાગીદારો વચ્ચેના પ્રશ્નો કે મતભેદોના ઉકેલ માટે અથવા ભાગીદારી પેઢી ચાલુ હોય કે બંધ કરવાના સમયે,કોઈ ભાગીદાર ફારગ થવા પ્રસંગે આ દસ્તાવેજની કલમ કે કલમોના અર્થઘટન અંગેના ઉકેલ માટે ભાગીદારી દસ્તાવેજના પ્રતિપાદન બાબતના મતભેદના ઉકેલ માટે સીધુ કોર્ટમાં જવાનુ નથી પરંતુ આવા દરેક પ્રકારના મતભેદ અને પ્રશ્નનો ઉકેલ સર્વ માન્ય લવાદ દ્વારા લાવવાનો છે.

A.H.Jadeja

..૧૦.

2 3 JUL 2019

2019

આ ભાગીદારી ફેરફારનો દસ્તાવેજ આજરોજ આપણે આપણી રાજી ખુશીથી ,સમજી,વિચારી,અકલ હોશિયારીથી,બીનકેફે સાવધ સ્થિતિમાં બરાબર વાંચી, સમજપૂર્વક,કોઈપણ જાતના દબાણ વગર નીચેના સાક્ષીઓની રૂબરૂમાં પોત પોતાના હાથે સહીઓ કરી આપી,શાખો કરાવી આપેલ છે તે અમોને તથા અમારા વંશ, વારસો વાલીને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

સ્થળ : રાજકોટ

તા.૨૩/૦૭/૨૦૧૯

અત્ર ...................................... મતુ અત્ર ...................................... શાખ

A.H. Jadeja ................................ (૧) ................................

(૧) શ્રી અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા

................................ (૨) ................................

(૨) શ્રી સત્યજીતસિંહ જયદિપસિંહ જાડેજા

પક્ષકાર નં. ૧

(હાલના ચાલુ ભાગીદારો)

................................

(૧)શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા

................................

(૨)શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા

................................

(૩)શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા(એચ.યુ.એફ)

................................

(૪)શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા(એચ.યુ.એફ)

પક્ષકાર નં.૨

(નવા ઉમેરાતા ભાગીદારો)



2 3 JUL 2019



A.H. Jadeja

(૧) શ્રી અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા




(૨) શ્રી સત્યજીતસિંહ જયદિપસિંહ જાડેજા

પક્ષકાર નં.૧

(હાલના ચાલુ ભાગીદારો)



(૧)શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા



જે.પી.જાડેજા

(૨)શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા

**HARDEVSINH P. JADEJA HUF**

**KARTA**



(૩)શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા(એચ.યુ.એફ)

**JAYDIPSINH P. JADEJA HUF**

જે.પી.જાડેજા **KARTA**



(૪)શ્રી જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા(એચ.યુ.એફ)

ઉપરોક્ત નં.૧ થી ૪ના પક્ષકાર નં.૨

(નવા ઉમેરાતા ભાગીદારો)

23 JUL 2019


7/2019 3.46.22 pm Version 1.1.2018.7


અનુક્રમ નંબર ૩૪૧૪ સને ૨૦૧૯

ના જુલાઈ માસની ૨૩ મી તારીખે

૧૫ થી ૧૬ વાગ્યાની વચ્ચે રાજકોટ - 5 - મવા

સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યો.





A.H. Jadeja







અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા

પહોંચ નંબર: ૨૦૧૯૩૨૫૦૦૬૨૬૨

| ફીપહોંચી છે તે | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | ૫૮૪૦૦ |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયં ( 17 ): | ૧૭૦ |
| અન્ય ફી | ૦ |
| કુલ એકંદરે રૂ. | ૫૮૫૭૦ |

( V B Tankariya )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા



( V B Tankariya )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

| અનુ. નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉંમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| **આપનાર** | | | | | |
| ૧.000 | અભિજીતસિંહ હરેન્દ્રસિંહ જાડેજા<br>તે તીર્થ બીલ્ડકોન ના નામથી ચાલતી<br>ભાગીદારી પેઢીના ચાલુ રહેતા ભાગીદાર<br>(પેઢીના પાન નં.AAPFT0408G).<br>81, કેવલમ રેસી., પુષ્કરધામ મે.રોડ, રાજકોટ | ૨૩ |  |  | A.H. Jadeja |
| ૨.000 | સત્યજીતસિંહ જયદીપસિંહ જાડેજા<br>તે તીર્થ બીલ્ડકોન ના નામથી ચાલતી<br>ભાગીદારી પેઢીના ચાલુ રહેતા ભાગીદાર<br>(પેઢીના પાન નં.AAPFT0408G).<br>82, કેવલમ રેસી., પુષ્કરધામ મે.રોડ, રાજકોટ | ૧૯ |  |  | S.J.adeja |
| ૩.000 | હરેન્દ્રસિંહ પ્રવિણસિંહ જાડેજા<br>તે તીર્થ બીલ્ડકોન ના નામથી ચાલતી<br>ભાગીદારી પેઢીમા નવા જોડાતા ભાગીદાર<br>(પેઢીના પાન નં.AAPFT0408G).<br>81, કેવલમ રેસી., પુષ્કરધામ મે.રોડ, રાજકોટ | ૪૮ |  |  | [illegible] |
| ૪.000 | જયદીપસિંહ પ્રવિણસિંહ જાડેજા<br>તે તીર્થ બીલ્ડકોન ના નામથી ચાલતી<br>ભાગીદારી પેઢીમા નવા જોડાતા ભાગીદાર<br>(પેઢીના પાન નં.AAPFT0408G).<br>82, કેવલમ રેસી., પુષ્કરધામ મે.રોડ, રાજકોટ | ૪૫ |  |  | જે.પ્ર.જાડેજા |
| ૫.000 | હરેન્દ્રસિંહ પ્રવિણસિંહ જાડેજા (એચ.યુ.એફ.)<br>ના કર્તા હરેન્દ્રસિંહ પ્રવિણસિંહ જાડેજા<br>તે તીર્થ બીલ્ડકોન ના નામથી ચાલતી<br>ભાગીદારી પેઢીમા નવા જોડાતા ભાગીદાર<br>(પેઢીના પાન નં.AAPFT0408G).<br>81, કેવલમ રેસી., પુષ્કરધામ મે.રોડ, રાજકોટ | ૪૮ |  |  | [illegible] |
| ૬.000 | જયદીપસિંહ પ્રવિણસિંહ જાડેજા (એચ.યુ.એફ.)<br>ના કર્તા જયદીપસિંહ પ્રવિણસિંહ જાડેજા<br>તે તીર્થ બીલ્ડકોન ના નામથી ચાલતી<br>ભાગીદારી પેઢીમા નવા જોડાતા ભાગીદાર<br>(પેઢીના પાન નં.AAPFT0408G).<br>82, કેવલમ રેસી. પુષ્કરધામ મે.રોડ, રાજકોટ | ૪૫ |  |  | જે.પ્ર.જાડેજા |

દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ
લખી આપ્યાનું કબુલ કરે છે.

2019 3:46:22 pm Version 1.1.2018.7

૧ ધવલ વી. ચોવટીયા (એડવોકેટ)
કેમ્પો. એમ. કે જાડેજા (એડવોકેટ)
727, સ્ટાર પ્લાઝા, ફુલછાબ ચોક, રાજકોટ

જેમને સબ-રજિસ્ટ્રાર ઓળખે છે, તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે. અને તેમની ઓળખાણ આપે છે.

૧. ____________________

તારીખે ૨૩ માહે જુલાઈ -૨૦૧૯

V B Tankariya
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

બજાર કિંમત નક્કી કરવા અંગેનું
ફોર્મ નં. ૧ રજુ થયેલ છે.
તારીખ : ૨૩/૦૭/૨૦૧૯

V B Tankariya
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

ઇન્કમટેક્ષ રૂલ્સ ૧૯૬૨ ની જોગવાઇ મુજબ (૧) પાન નં/ઇ.જ.ર. નંબર દર્શાવેલ છે. જે ખરાઇ કરવામાં આવેલ છે.

આપનાર નંબર

લેનાર નંબર

સંમતી આપનાર નંબર

તારીખ : ૨૩/૦૭/૨૦૧૯

( V B Tankariya )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

| |
|---|
| આ સાથે લેનાર , આપનાર તથા ઓળખાણ આપનારના ઓળખ અંગેના પ્રમાણીત પુરાવા રજુ કરેલ છે. |
| તારીખ : ૨૩/૦૭/૨૦૧૯ |

( V B Tankariya )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

| RKT/5/MAV | | |
|---|---|---|
| 3414 | 17 | 17 |
| 2019 | | |

07/2019 4:10:30 pm Version 1.1.2018.7

૧ નંબરની બુકના ૩૪૧૪ નંબરે નોંધ્યો છે.

તારીખ : ૨૩/૦૭/૨૦૧૯

V B Tankariya
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-5(MAVA)

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-5(MAVA)